સંગ્રામ ગુજરાતનો

છેલ્લો દિવસ : પ્રથમ તબક્કાના છેલ્લા દિવસે માહોલ ગરમાયો

પહેલા તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રક ભરવાના છેલ્લા દિવસે વિક્રમજનક ઉમેદવારીપત્રો ભરાયા : છેક છેલ્લા દિવસ સુધી ઉમેદવારો મામલે ખેંચતાણ અને નારાજગીનો માહોલ યથાવત રહ્યો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતની સત્તાનો સંગ્રામ દિવસે દિવસે રસપ્રદ બનતો જાય છે. ક્યાંક જોરશોરથી પ્રચાર અભિયાન ચાલી રહ્યુ છે તો ક્યાંક રીસામણા-મનામણાનો દોર ચાલી રહ્યો છે. આ દરમ્યાન પ્રથમ તબક્કાના મતદાન માટેના ઉમેદવારીપત્રકો ભરવાની છેલ્લી તારીખે વિક્રમજનક સંખ્યામાં ઉમેદવારીપત્રો ભરાયા હતા. ઠેર ઠેર ઉમંગ, આનંદ અને ઉલ્લાસ છવાયેલો જોવા મળ્યો હતો. ઉમેદવારીપત્ર ભરવાનો છેલ્લો દિવસ રાજકારણમાં છેલ્લો શો બની ન જાય તે માટે ઉમેદવારો એડી ચોટીનુ જોર લગાવી રહ્યા છે.

૧૫મી વિધાનસભાની ચૂંટણી માટેનો માહોલ દિવસે દિવસે જામતો જાય છે. ચારે કોર ચૂંટણી...ચૂંટણીની જ ચર્ચાઓ થઈ રહી છે. ચૂંટણી જાણે જાહેર ઉત્સવ બની ગઈ હોય તેમ ગામે ગામ રાજકીય માહોલ ઉત્તેજનાસભર બન્યો છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧લી ડિસેમ્બરના રોજ યોજાશે. પ્રથમ તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રક ભરવાનો આજે છેલ્લો દિવસ હોઈ છેક છેલ્લી ઘડી સુધી ઉમેદવારીપત્રો ભરાયા હતા. છેલ્લા દિવસે વિક્રમજનક સંખ્યામાં ફોર્મ ભરાયા હતા.

ફોર્મ ભરવા આવતા ઉમેદવારો જાણે અત્યારે જ શક્તિ પ્રદર્શન કરી દેવાનુ હોય પોતપોતાના સમર્થકો અને કાર્યકરો સાથે ઉમટી પડ્યા હતા. ક્યાંક ક્યાંક ઉમેદવારો એકદમ સાદાઈથી ફોર્મ ભરતા જોવા મળ્યા હતા તો ક્યાંક ક્યાંક ઢોલ-નગારા અને ત્રાંસા સાથે ઉમેદવારીપત્રકો ભરાયા હતા.

જો કે છેલ્લા દિવસે પણ ઘણી બેઠકો પર ખેંચતાણ અને રીસામણા-મનામણાનો દોર ચાલુ રહ્યો હતો. છેક છેલ્લી ઘડી સુધી નારાજ કાર્યકરોને મનાવી લેવા ડેમેજ કંટ્રોલ થતુ રહ્યુ હતુ.

પહેલા તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છની ૫૪ બેઠકો પર ત્રિકોણિયો જંગ

ભાજપને ૨૦૧૭માં પડ્યો હતો મોટો ફટકો : ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ કેટલાક મુદ્દોઓ વધારે ચર્ચાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત ભાજપને પાછલી વિધાનસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં ફટકો પડ્યો હતો, તે બેઠકો ૨૦૨૨માં પરત મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે, આ વર્ષે આમ આદમી પાર્ટી જે જોશ સાથે ચૂંટણી મેદાનમાં ઉતરી છે તેને જોતા સૌરાષ્ટ્ર-કચ્છમાં ત્રિકોણિયો જંગ થવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૨માં અને ૨૦૧૭માં સૌરાષ્ટ્ર-કચ્છમાં કોંગ્રેસે જે સુધારા સાથેનું પ્રદર્શન કર્યું તેવું આ ચૂંટણીમાં કર્યું તો મોટી નવાજૂની થઈ શકે છે. પરંતુ આ વખતે આપ જે રીતે મેદાનમાં ઉતર્યું છે તેને જોતા ૫૪ બેઠકો પર ત્રિકોણિયો જંગ થઈ શકે છે. ભાજપની બેઠકો ૨૦૧૭માં ઘટી હતી પરંતુ વોટશેરમાં વધારો થયો હતો, જેને જોતા આ વખતે પાર્ટીએ કરેલી મહેનત ફળશે તો ફરી કમાલ કરી શકે છે. રિપોર્ટ્સ મુજબ વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં સૌરાષ્ટ્ર-કચ્છની ૩૫ બેઠકોમાંથી ભાજપને ૨૩ અને કોંગ્રેસ ૩૧ જ્યારે અન્યને ૧ બેઠક મળી હતી. જ્યારે ૨૦૧૨માં ભાજપને ૩૩ અને કોંગ્રેસને ૨૧ જ બેઠકો મળી હતી. આમ વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૭માં ભાજપની સૌરાષ્ટ્ર-કચ્છની ૧૦ બેઠકો ઘટી હતી. ૨૦૧૭માં ભાજપને કુલ ૯૯ બેઠકો મળી હતી. જે બેઠકો ભાજપે ગુમાવી છે તેને ફરી પ્રાપ્ત કરવા માટે આ ચૂંટણીમાં મહેનત કરવામાં આવી છે અને ઉમેદવારોની પસંદગીમાં પણ મહત્વની બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. રાજયમાં પહેલા તબક્કામાં ૮૯ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે જેમાંથી સૌરાષ્ટ્ર-કચ્છની ૫૪ બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે રસાકસી જોવા મળી શકે છે. જોકે, ચૂંટણીમાં શું થાય છે તે તો પરિણામના દિવસે જ ખબર પડી શકે છે. આ વર્ષે ભાજપે પોતાના સિનિયર નેતાઓને ઘરે બેસાડીને કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને ટિકિટ આપી છે ત્યારે અંદરો-અંદર અસંતોષની લાગણી સાથે એવી દલીલ થઈ રહી છે કે આ પ્રયોગ કરાયો છે તેની સામે સ્થાનિક કાર્યકરોમાં નિરાશા છે. જોકે, આ નિરાશા કેવી છે અને કેટલી છે તે આગામી ૮ ડિસેમ્બરે બહાર આવી જશે. આ વખતે ૨૦૧૭ની જેમ ભાજપ સામે પાટીદાર, ઓબીસી જેવા આંદોલનો નથી પરંતુ એન્ટી-ઈંકમ્બની અસર થવાની સંભાવના વ્યકત કરાઈ રહી છે. જોકે, ભાજપને વિશ્વાસ છે કે લોકો પાર્ટીના કામોથી ખુશ છે અને મતદારો ફરી એકવાર ગુજરાતમાં કમળ ખીલવશે.



રવિન્દ્ર જાડેજાએ પોસ્ટ કરી રીવાબા માટે માંગ્યા મત

રીવાબા જામનગર ઉત્તર બેઠક પરથી ભાજપના ઉમેદવાર

જામનગર, તા.૧૪

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પત્ની રીવાબા જાડેજા માટે મત માંગ્યા હતા. મળતી જાણકારી અનુસાર, ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને પત્ની રીવાબાને મત આપવા માટે જામનગરવાસીઓને અપીલ કરી હતી. નોંધનીય છે કે ભાજપે રવિન્દ્ર જાડેજાની પત્ની રીવાબાને જામનગર ઉત્તર બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે. રીવાબા આજે ઉમેદવારી ફોર્મ ભરશે.જામનગર ઉત્તર બેઠક પરથી રીવાબા જાડેજા સવારે ૧૧ વાગ્યે ઉમેદવારી નોંધાવશે. રવિંદ્ર જાડેજાએ પણ સોશલ મીડિયાના માધ્યમથી પત્ની રીવાબા જાડેજાને જંગી લીડથી જીતાડવા અપીલ કરી હતી. રવિન્દ્ર જાડેજાએ પોતાના વીડિયોમાં જામનગરની જનતાને અપીલ કરતા કહ્યું હતું કે, મારા વ્હાલા જામનગરવાસીઓ અને તમામ ક્રિકેટ ચાહકો. તમે બધા જાણો છો કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી અહીં ૨૦ ક્રિકેટની જેમ ઝડપથી આગળ વધી રહી છે. ભાજપે મારી પત્ની રીવાબાને ઉમેદવાર બનાવ્યા છે. તે ૧૪ નવેમ્બરે ઉમેદવારી પત્ર ભરવા જઈ રહી છે. તેથી વિજયી વાતાવરણ બનાવવાની જવાબદારી તમારી છે. તો ચાલો કાલે સવારે મળીએ. નોંધનીય છે કે રવિન્દ્ર જાડેજા ઘૂંટણની ઈજાને કારણે ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૨માં ભાગ લઈ શક્યો ન હતો. એશિયા કપ દરમિયાન જાડેજાને ઈજા થઈ હતી, ત્યારબાદ તેના જમણા ઘૂંટણની સર્જરી થઈ હતી. જાડેજાને બાંગ્લાદેશ સામેની વનડે અને ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ તે ફિટનેસ પરત મેળવ્યા બાદ જ ભાગ લઈ શકશે. વઢવાણ વિધાનસભા બેઠક પર ભાજપે ઉમેદવાર બદલતાં બ્રહ્મસમાજ અને જૈન સમાજમાં રોષ ફેલાયો હતો.

NCPથી નારાજ કાંધલ જાડેજાએ આપ્યું રાજીનામું

ચૂંટણી પહેલા જ NCPમાં કડાકો : કોંગ્રસ અને એનસીપીએ ગંઠબંધન કરી લીધું છે

પોરબંદર, તા.૧૪

કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાએ એનસીપીમાંથી રાજીનામું આપી દીધું છે. દ્રઝૅથી નારાજ કાંધલે ૨ દિવસ પહેલા કુતિયાણામાંથી ફોર્મ ભર્યુ હતુ. એનસીપી અને કોંગ્રેસે ત્રણ બેઠકો પર ગઠબંધન કરી લીધા બાદ કાંધલ જાડેજાએ કુતિયાણા બેઠક પરથી એનસીપીનાં ઉમેદવાર તરીકે જ ફોર્મ ભર્યુ હતુ. ત્યારે તેમણે જણાવ્યું હતુ કે, કોંગ્રેસ-એનસીપીનાં ગઠબંધન અંગે તેમને જાણ નથી. ત્યારે કાંધલ અપક્ષ ઉમેદવારી પણ નોંધાવી શકે છે. નોંધનીય છે કે, કોંગ્રસ અને એનસીપીએ ગંઠબંધન કરી લીધું છે. તેમણે ત્રણ બેઠક નરોડા, ઉમરેઠ, દેવગઢ બારિયા માટે ગઠબંધન કરી લીધું છે. આ અંગે એનસીપીના જયંત બોસ્કી અને કોંગ્રેસનાં જગદીશ ઠાકોરે પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી છે. આ પહેલા પણ કોંગ્રેસ પ્રભારી સહિત નેતાઓ સાથે બેઠક થઈ હતી. ઘણાં સમયથી કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ગઠબંધનની ચર્ચા થઈ રહી હતી. આપને જણાવીએ કે, કાંધલ જાડેજા ગત બે ચૂંટણીમાં અહીંથી જીત મેળવે છે.

વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કુતિયાણા વિધાનસભા બેઠક પરથી એનસીપી નેતા કાંધલ જાડેજાએ ભાજપ નેતા લક્ષ્મણ ઓડેદરાને હરાવ્યા હતા અને જીત મેળવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપીનું ગઠબંધન ના હોવા છતાં કાંધલ જાડેજાએ એકલા હાથે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષો સહિતના ૧૧ જેટલા ઉમેદવારોને કારમો પરાજય આપી ૨૪ હજારથી વધુની જંગી બહુમતીથી જીત મેળવી હતી. વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કાંધલ જાડેજાએ ત્રણ ટર્મથી ચૂંટાતા ભાજપ નેતા કરશન ઓડેદરાને જંગી બહુમતીથી હરાવ્યા હતા.

ભરતસિંહે પૈસા માટે ટિકિટ વેચ્યાના આરોપ સાથે હોબાળો

શાહનવાઝ શેખને ટિકિટ ન મળતા તેના સમર્થકો દ્વારા કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય પર તોડફોડ કરવામાં આવી

અમદાવાદ, તા.૧૪

ગુજરાત કોંગ્રેસમાં ઉમેદવારોને ટિકિટ ફાળવવામાં આવી ત્યારથી કકળાટ શરૂ થયો છે. જમાલપુર ખાડિયા બેઠકને લઈને એનએસયુઆઈ કાર્યકરોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જેમાં વિરોધીઓ દ્વારા ભરતસિંહના વિરોધમા અપશબ્દો ઉચ્ચારવામાં આવ્યા તેમજ દિવાલ પર કાળી શાહીથી લખવામાં આવ્યા. આ સાથે જ કાર્યકરોએ કાર્યાલયમાં તોડફોડ પણ કરી છે. ભરતસિંહના નામની પ્લેટ પણ તોડી નાંખવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય ખાતે એનએસયુઆઇના કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ કરી હતી. શાહનવાઝ શેખને ટિકિટ ન આપવામાં આવતાં કાર્યકરો ઉગ્ર વિરોધ કરતાં જોવા મળ્યા હતા. આટલુ જ નહીં. કાર્યકરોએ ભરતસિંહ ના ફોટો સળગાવવામાં આવ્યો અને કાર્યકરોએ ભરતસિંહ નામની નેમપ્લેટ પર કાળી શાહી ફેરવી તેમજ નેમ પ્લેટને તોડી નાંખીને વિરોધ દર્શાવ્યો હતો. આ સિવાય કાર્યકરોએ ભરતસિંહ પર પૈસા ના જોરે ટીકીટ વેચવાનો આરોપ પણ લગાવ્યો હતો. આ સિવાય તેમણે કાર્યાલયની સીડીઓ પર પણ પેન્ટથી ભરતસિંહ વિરુદ્ધ લખાણો લખ્યા હતા. મળતી માહિતી અનુસાર, જમાલપુર ખાડિયા બેઠક પરથી ઉમરાન ખેડાવાલાને ટિકિટ આપવામાં આવતાં વિરોધ કરવામાં આવી રહ્યો છે.

વિચારયાત્રા ● અનુસંધાન ચોથાનું ચાલુ...

જગવિખ્યાત કવિ ખલીલ જિબ્રાને પોતાના અમર ગ્રંથ 'ધ પ્રોફેટ'માં યુગલને કહ્યું છે કે -

તમારા હૃદયો એકબીજાને અર્પજો પણ એકબીજાને તાબામાં સોંપશો નહીં,

સાથે ગાજો અને નાચજો પરંતુ બંને પોત-પોતાનું એકાંત પણ માણજો...

નીના ગુપ્તા અને બોમન ઈરાનીના દાંપત્ય જીવનમાં આ પ્રકારની વાતને જ ખૂબ સહજતાથી દર્શાવવામાં આવી છે. જીવનભર બીજાને જ્ઞાન આપવાના અભરખા સેવતી વ્યક્તિ, પોતાની કાળી બાજુ જાણતી હોવા છતાં અજાણ્યા બનીને પોતાની ઉજળી બાજુને જ સમાજ સામે રાખવાની વૃત્તિથી પીડાતી વ્યક્તિ... પોતાને આગળ વધવા માટે અને જીવનમાં કહેવાતી ઊંચાઈ પ્રાપ્ત કરવા માટે આંતરિક પતન આણતી વ્યક્તિ તરીકે, લેખક પોતાની વાત કહેતો હોય તેમ નહીં પણ સેલ્સમેન જાણે કોઈ પ્રોડક્ટ વેંચતો હોય તેવું લાગે એવા લખાણ લખતી વ્યક્તિ તરીકે અભિનય સમ્રાટ અમિતાભ બચ્ચનનું પાત્ર પણ આપણને ઘણું શીખવી જાય છે.

યે જીવન હૈ ઈસ જીવન કા ..યહી હૈ... યહી હૈ રંગ રૂપ...
થોડે ગમ હે થોડી ખુશીયા યહી હૈ યહી હે રંગ રૂપ...
યે ના સોચ ઈસમેં અપની હાર હે કે જીત હૈ
ઉસે અપનાલો જો ભી જીવન કી રીત હૈ
યે જીદ છોડો યુ ના તોડો હર પલ એક દર્પણ હૈ યે જીવન હૈ...

રાજશ્રી પ્રોડક્શનનું જ પિયા કા ઘર પિક્ચરનું આ ગીત ફિલ્મમાં સુંદર રીતે પ્રસંગોપાત મૂકવામાં આવ્યું છે. કોઈ વસ્તુનો તંત લઈને બેસી રહેવાનું નહીં. જે પણ નવું છે તેનો સ્વીકાર કરતા રહેવાનો. વિચારને યુવાન રાખવાનો આ એક જ રસ્તો છે કે જે પરિસ્થિતિ આવે છે તેનો સ્વીકાર કરીને તે પ્રમાણે ઢળી જવું. અનુપમ ખેરના પાત્ર દ્વારા આની પણ ખૂબ સરસ સમજ મળે છે. આજકાલના છોકરાઓ મા-બાપનું કહ્યું તો માનતા જ નથી, અથવા તો હવે પહેલાં જેવો આદરભાવ તો કોઈનામાં રહ્યો જ નથી. તેવી વાતોની બદલે સંતાનોના દૃષ્ટિકોણથી પણ પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરવાની વાત બમન ઈરાની અને નીના ગુપ્તા તથા તેની દીકરીના પ્રસંગમાં જોવા મળે છે... તમને લાગશે કે આ તો ફિલ્મની કથા કહીને હું તમારો રસ ભંગ કરી રહ્યો છું. ના..નાપ મિત્રો હું તો તમને વારંવાર આ ફિલ્મને થિયેટરમાં જઈને જોવા માટે પ્રોત્સાહિત જ કરી રહ્યો છું. જો જીવનમાં ત્રણ-ચાર ખાસ મિત્રો હોય અને તમે જીવનમાં એકવાર પણ હિમાલયના કોઈપણ વિસ્તારની મુલાકાત લીધી હોય, તો તો તમે આ ફિલ્મના દરેક સીનને બમણી ઊર્જાથી માણી શકશો. આપણા લોકો સાથે અપનત્વ સાધીને અને વિચારોને હંમેશા યુવાન રાખીને આપણા જીવનની ખરી ઊંચાઈને પ્રાપ્ત કરી શકાશે.

તો પછી રાહ શેની જુઓ છો ? લેખ પૂરો થઈ ગયો હોય તો તાત્કાલિક ફિલ્મની ટિકિટ બુક કરો...

- jayuoza@gmail.com,
Mo.9898046488

પારો ૧૫ ડિગ્રી ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાયરલ ફીવરના દર્દીઓ વધી રહ્યા છે. ઠંડી ગરમીની મિશ્ર ઋતુના લીધે નગરજનોમાં શરદી ઉધરસ અને તાવની તકલીફો વધી છે. વધતી ઠંડી વચ્ચે હાલ ગરમીનુ જોર હજુ ઘટયુ નથી ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી નજીક પહોંચી જતા નગરજનોએ રાત્રિના સમયે ગરમ કપડા પહેરવાની ફરજ પડી હતી. વહેલી સવારે પણ હવે ઠંડીનો ચમકારો વર્તાય છે. જયારે ઠંડીના લીધે સેકટરવાસીઓ ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે. સવારે અને રાત્રિના સમયે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. જેના લીધે નગરનુ જનજીવન પણ ઠંડીની અસરથી પ્રભાવિત છે. રાત્રિના સમયે મોડી રાત સુધી માર્ગો પર થતી ચહલ પહલ પણ વિશેષ જોવા મળતી નથી સેકટરોની શેરીઓમાં પણ રાત્રિના સમયે વહેલો સન્નાટો છવાઈ જાય છે. ઢળતી સાંજ બાદ ધીમે ધીમે વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે. જયારે સવારે પણ ગુલાબી ઠંડીની અસર વચ્ચે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી છે. ઠંડીની મોસમ હવે નગરમાં જમાવટ કરશે હવામાન તજજ્ઞોના મતે ધીમે ધીમે ઠંડીનુ જોર વધશે જયારે દિવસની ગરમીનુ જોર ઘટશે જેથી આગામી દિવસોમાં ઠંડી વધુ ઉગ્ર બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી જયારે લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડીગ્રી રહ્યુ હતુ.

ઘટીને ૮.૩૯% ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ ઓક્ટોબર મહિનામાં ઈંધણ અને વીજળીનો જથ્થાબંધ ફુગાવાનો દર ૩૨.૬૧ ટકાથી ઘટીને ૨૩.૧૭ ટકા થયો છે. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો હોલસેલ મોંઘવારી દર ઘટીને ૪.૪૨ ટકા પર આવી ગયો છે. સપ્ટેમ્બરમાં આ આંકડો ૬.૩૪% પર હતો. આ બાબતે સરકારનું કહેવું છે કે, ઓક્ટોબરમાં ખનિજો, તેલ, બેઝ મેટલ, મેટલ પ્રોડક્ટ્સ, મશીનરી અને ઈક્વિપમેન્ટ્સ, ટેક્સટાઈલ્સના ભાવમાં ઘટાડાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આટલો મોટો ઘટાડો થયો છે.

મર્જર કરશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામેલ કરવામાં આવી શકે છે. હજુ વિસ્તારાની પેરેન્ટ કંપની ટાટા સિંગાપોર એરલાઈન્સમાં સિંગાપોર એરલાઈન્સની ૪૯ ટકા ભાગીદારી છે.

ટાટા સન્સ અને વિસ્તારાએ આની પર કોઈ ટિપ્પણી કરી નથી. વિસ્તારામાં ટાટા સન્સની ૫૧ ટકા ભાગીદારી છે. તાજેતરમાં જ ટાટા ગ્રૂપે એર ઈન્ડિયા એક્સપ્રેસ અને એર એશિયા ઈન્ડિયાનુ કંસોલિડેશન પુરુ કર્યુ હતુ. ગ્રૂપે એરએશિયા ઈન્ડિયામાં મલેશિયમ એરલાઈનની બાકીની ૧૬ ટકા ભાગીદારી ખરીદી લીધી હતી. ૩,૯૭ ટકા થયો છે. બીજી તરફ ઓક્ટોબર મહિનામાં ઈંધણ અને વીજળીનો જથ્થાબંધ ફુગાવાનો દર ૩૨.૬૧ ટકાથી ઘટીને ૨૩.૧૭ ટકા થયો છે. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો હોલસેલ મોંઘવારી દર ઘટીને ૪.૪૨ ટકા પર આવી ગયો છે. સપ્ટેમ્બરમાં આ આંકડો ૬.૩૪% પર હતો. આ બાબતે સરકારનું કહેવું છે કે, ઓક્ટોબરમાં ખનિજો, તેલ, બેઝ મેટલ, મેટલ પ્રોડક્ટ્સ, મશીનરી અને ઈક્વિપમેન્ટ્સ, ટેક્સટાઈલ્સના ભાવમાં ઘટાડાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આટલો મોટો ઘટાડો થયો છે.